સમસ્ત ખરક જ્ઞાતિનું ઈ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૨ | જાન્યુઆરી - ૨૦૨૨ | અંક : ૧ (પેઈજ : ૫)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો નમસ્કાર.
હેપ્પી ન્યુ ઈયર,
સૌની કુશળતા ઈચ્છુ... કોરોનાનું પુનઃ આગમનઆપણને શીખવે છે કે **'વિપરીત પરિસ્થિતિ સાથે માણસે હવે જીવતાં શીખવું પડશે.'** તે સ્વીકારી જાતને, પૂરા પરિવારને તથા સમાજને સાચવવા પડશે. ચાલો, આપણે એકલા નથી. ભગવાન પણ સાથે છે તેથી કાળજી કરીએ પણ ચિંતા ન કરીએ.

બીજું આપણી જ્ઞાતિ ખૂબ ટૂંકી છે છતાં પણ સંપૂર્ણ જ્ઞાતિનું કયારેય સંપૂર્ણ નામાંકન યાદી નથી બની તો ખરક સમાજ દર્પણે વર્ષ ૨૦૨૨ માં સંપૂર્ણ જ્ઞાતિની ડીરેકટરી **'ખરક સમાજ દર્પણ - ૨૦૨૨'** તૈયાર કરવાનો પ્રોજેકટ હાથ ધર્યો છે. આ કામ જ્ઞાતિના આગેવાનો, ગામ આગેવાનો, ગામેગામના પ્રતિનિધિઓ તથા શિક્ષક મિત્રો અને નોકરીયાત મિત્રોના તથા જાહેરાત આપનારના સહયોગથી જ પાર પડશે. તો સૌ સાથ આપે અને પોતાનું કામ ગણી સત્વરે પૂર્ણ કરે તેવી નમ્ર પ્રાર્થના કરું છું.

આમ તો આ કામ અઘરું, સમય અને મહેનત માંગી લે તેવું તથા જશ-અપજશ આપનારું છે. છતાં આ કામ ખૂબ જરૂરી છે. કારણ.. (૧) સમગ્ર જ્ઞાતિનું સંપૂર્ણ નામાંકન-યાદી, ટેલિફોન ડીરેકટરી આવશ્યક છે. (૨) અલગ અલગ વ્યવસાયવાળાઓનું વ્યવસાય વાઈઝ લીસ્ટ બનશે. (૩) આપણી જ્ઞાતિ રાજયમાં બક્ષીપંચમાં સામેલ છે તેને કેન્દ્રમાં O.B.C. માં લેવા માટે સંપૂર્ણ જ્ઞાતિનો ડેટા જરૂરી છે. તેથી તેની દરખાસ્તમાં પણ સરળતા થશે. (૪) પોતપોતાના વ્યવસાય વિકસાવવા પરસ્પર ઉપયોગી બની શકાય તે માટે **'વ્યવસાય ડીરેકટરી'** ખૂબ કામ લાગશે. (૫) આ કામથી સમગ્ર જ્ઞાતિમાં સંગઠન, પારિવારીક પ્રેમ નિર્માણ થશે જેનાથી લગ્ન, વેવિશાળ, શિક્ષણ, વ્યવસાય, સંપર્ક જેવા કામોમાં સરળતા રહેશે.

આશા છે કે આપની પાસે જયારે પણ વસ્તી ગણતરી પત્રક આવે ત્યારે માત્ર ૧૦ મીનીટ ફાળવી આપની વિગત ભરી આપશો અથવા અંકમાં આપેલ લીંકમાં આપેલ ગુગલ ડોકમાં આપની વિગત જાતે ભરી આપશો.

https://docs.google.com/forms/d/e/1FAIpQLSeRH3zU2g5lQWk8HIbQ_4XxkVPTlRe-F66uVOaYEWXEKOys2w/viewform

**આનંદ સેતા**
તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા

## સલામ



નામ : સભાડિયા કલ્પેશભાઈ
પિતા : રામજીભાઈ પાંચાભાઈ
માતા : ગૌરીબહેન
પત્નિ : હેતલબહેન પુત્રી : પ્રિશા
વતન : મણાર. તા. તળાજા. જિ. ભાવનગર.
જ.તા. ૧૫/૪/૧૯૯૧
નિમણુંક તા. ૧૯/૩/૨૦૧૨
મો. નં. ૯૪૨૮૨ ૨૭૦૩૫
અભ્યાસ : B.Sc. (મેથ્સ)
કાર્યક્ષેત્ર : ન્યુ દિલ્હી (હાલ) સીકંદરાબાદ, વડોદરા, બીકાનેર, અરૂણાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર

## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)



દેશ : અમેરીકા
નામ : વળિયા લાલજીભાઈ લક્ષ્મણભાઈ
પિતા : વળિયા લક્ષ્મણભાઈ પાંચાભાઈ
વતન : ત્રાપજ, તા. તળાજા. જિ. ભાવનગર
અભ્યાસ : B.Farm, M.B.A., M.I.T.
કાર્યશ્રેત્ર : I.T.
અનુભવ : ૩ વર્ષ
કંપની : B.Farm,
હોદ્દો : બીઝનેસ એનાલીસ્ટ
નિવાસ : 1680, Quait Hollow NE ccher Rupias, IA 58408.
પરિવાર : સંગીતા (પત્નિ) આદિત્ય (પુત્ર)
મો. : +૧ ૯૧૪ ૪૩૪ ૨૯૮૪

## સમાચાર – દર્પણ




### ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પ

તળાજા ખાતે સમસ્ત ખરક જ્ઞાતિ માટે ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પ તા. ૨૬/૧૨/૨૧ના રોજ રાખવામાં આવેલ. જેમાં ૧૦ બહેનો સહીત ૧૭૦ રકતદાતાએ રકતદાન કરેલ. જેમાં કુલ **૧૭૫ બોટલ** રકત એકત્ર કરાયેલ. આ કેમ્પમાં સમગ્ર ખરક જ્ઞાતિના પ્રમુખશ્રી **ભરતભાઈ ઠંઠ** તથા તેમના પત્નિ **અસ્મિતાબેન ઠંઠ** દ્વારા ૧૧મી વખત સજોડે રકતદાન કરવામાં આવ્યું તે ગૌરવપૂર્ણ ઘટના છે. આ કેમ્પમાં મહુવા - ભાવનગરના યુવા અગ્રણીઓએ પણ ખાસ હાજરી આપેલ. આ કેમ્પમાં સર ટી હોસ્પિટલ બ્લડ બેંકનો સહયોગ મળ્યો હતો.




શ્રી સમસ્ત ખરક સમાજ ભાવનગર તથા શ્રી ગણેશ યુવક મંડળ તથા ખરક ડોકટર્સ એસોસીએશન - ભાવનગરના સહયોગથી તા. ૯/૧/૨૨ ને રવિવારે ખરક જ્ઞાતિની વાડી - ભાવનગર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યો તેમાં ૮૫ ભાઈ-બહેનોએ રકતદાન કરેલ. કુલ **૮૫ બોટલ** રકત એકત્ર થયેલ. દરેક રકતદાતાઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. યુવા મિત્રોના ઉત્સાહના કારણે સમગ્ર કાર્યક્રમ ખૂબ સફળ રહેલ. રકતદાન કામગીરીમાં બ્લડ બેંક, સર ટી હોસ્પિટલ ભાવનગરનો સહયોગ મળેલ.

## અભિનંદન



મહુવાના માનસી બાળકોની હોસ્પિટલ (કુબેરભાગ-મહુવા) ના ડૉ. ધીરૂભાઇ મોહનભાઇ ખોડિફાડ (M.B.D.C.H.) ની નિમણૂંક શ્રી ખરક જ્ઞાતિ કેળવણી સહાયક સમાજ - મહુવાના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે મકરસંક્રાંતિ નિમિત્તે મળેલી સમાજની મીટીંગમાં સર્વાનુમતે કરવામાં આવી. જ્ઞાતિ કેળવણીમાં અથાક, અજોડ અને અવિરત કામ કરનાર ડૉ. ખોડીફાડ સાહેબને ખરક સમાજ દર્પણ તથા સમગ્ર જ્ઞાતિ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



મહુવાના વતની શ્રી હર્ષલકુમાર છગનભાઇ ભસોટિયા (હવેલી શેરી, મહુવા) એ નવસારી ખાતે એગ્રીકલ્ચર યુનિ. માં ફોરેસ્ટીમાં B.Sc. તથા M.Sc. કર્યા પછી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે સ્પીપા - અમદાવાદમાં ૨૦૧૯ માં પ્રવેશ મેળવીને તથા જાન્યુ. ૨૨ માં GPSC ના જાહેર કરાયેલ પરિણામમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર વર્ગ-૨ માં સમગ્ર ગુજરાતમાં ત્રીજા ક્રમે આવી સમગ્ર જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. ખરક સમાજ દર્પણ તેમને અભિનંદન પાઠવે છે.



મહુવાના વતની શ્રી બાલાભાઇ રાણાભાઇ દેસાઇ (ગુજરાત એગ્રો બીજ નીગમ - મહુવા) ના પુત્ર શ્રી સુરેશભાઇ બાલાભાઇ દેસાઇ (ભવાની રોડ, મહુવા) એ મિકેનિકલ એન્જીનિયરની ડીગ્રી મેળવી જિન્દાલ સ્ટીલમાં તથા વેસ્ટર્ન રેલ્વે ભાવનગરમાં જુનિયર એન્જી. (ટ્રેઇનીંગ) તરીકે કામગીરી કરી સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પણ કરી પરિણામે જાન્યુ. ૨૨ માં જાહેર થયેલ GPSC ના પરિણામમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસરની વર્ગ - ૨ ની પરીક્ષા સમગ્ર ગુજરાતમાં ૧૭ માં ક્રમે પાસ કરી. તેમના પિતા પણ ફોરેસ્ટ વિભાગમાં નોકરી કરી ચૂકયા છે. જ્ઞાતિ માટે આ ગૌરવપૂર્ણ બાબત છે. ખરક સમાજ દર્પણ તેમને અભિનંદન પાઠવે છે.



ભાદ્રોડ : તાજેતરમાં યોજાયેલ ભાદ્રોડ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વોર્ડ નં. ૮ માં ઊભેલા સવિતાબેન હરેશભાઇ કામળિયા ઘડાના નિશાન સાથે જંગી બહુમતિથી ચૂંટાઇ આવેલ છે. સ્ત્રી સશક્તિકરણ અને સ્ત્રી જાગૃતિનું ઉદાહરણ પુરું પાડનાર સવિતાબહેનને સમગ્ર જ્ઞાતિ ઉમળકાથી આવકારે છે. ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.

## શુભ ઉદ્‌ઘાટન



મહુવા : માળવાવના ડૉ. ભાવેશભાઇ એલ. વાળાકી (M.B.B.S., P.G.Dcc) મહુવા ખાતે ડૉ. વાળાકી સ્કીન કેર એન્ડ હેલ્થ કિલનીક નો શુભારંભ પિતા લાખાભાઇ બાલાભાઇ વાળાકી તથા માતુશ્રી નંદુબેન લાખાભાઇ વાળાકી ના વરદ્ હસ્તે તા. ૫/૨/૨૨ (વસંત પંચમી) ના રોજ થયેલ છે. આ કિલનીકમાં ચામડી, વાળ, નખ, ગુપ્તરોગ તથા કોસ્મેટીક બાબતે અનુભવી ડૉકટર સારવાર આપશે. સ્થળ : પહેલા માળે, ડૉ. કામળિયા સાહેબની હૉસ્પિટલ, કુબેર બાગ, મહુવા. મો. ૭૦૧૬૩૯૦૬૮૩ / ૯૭૧૪૯૩૨૧૯૭

ભાવનગર : વાળુકડ નિવાસી કેશવભાઇ પરશોત્તમભાઇ ભોજાણી તથા લક્ષ્મણભાઇ પરશોત્તમભાઇ ભોજાણી દ્વારા વિશ્વ વિદ્યાત્રી ઓટો ગેરેજ એન્ડ સર્વિસ નું શુભ ઉદ્‌ઘાટન તા. ૧૭/૧/૨૨ ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : ભવાની હાર્ડવેરની બાજુમાં, અન્નપૂર્ણા ડાઇનીંગ હોલની સામે, કાળિયાબીડ, મેઇન રોડ, ભાવનગર. મો. ૯૯૦૪૪૪૦૩૩૭ / ૮૧૪૦૮૨૭૦૦૩

## સમાચાર – દર્પણ

કુંભણ : કુંભણ ગામે ખરક સમાજના આગેવાનોની એક જનરલ સભા તા. ૧૪/૧/૨૨ ના રોજ રામવાડી ખાતે મળી. જેમાં પ્રમુખશ્રી રામજીભાઇ ભીમજીભાઇ સેંતા, ઉપપ્રમુખશ્રી ભોળાભાઇ રામજીભાઇ કાપડિયા તથા કાર્યકર્તાઓમાં શ્રી પાંચાભાઇ નાનજીભાઇ પટેલિયા તથા વિઠ્ઠલભાઇ બાબુભાઇ કુચા, ગણેશભાઇ રવજીભાઇ ભુત, રવજીભાઇ જાદવભાઇ કુચા, વિઠ્ઠલભાઇ કેશવભાઇ સેંતા વગેરે ઉપસ્થિત રહ્યા. આ મીટીંગમાં ગામમાં યોજાનાર લગ્નો અંગે સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ નોંધણી કરી પૂર્વ મંજુરી લેવા અંગે તથા કોરોનામાં જ્ઞાતિના પરિવાર વિશેષ કાળજી લે તેવી ભલામણ કરવામાં આવી. આ ઉપરાંત દર વરસની માફક બોર્ડિંગ માટે અનાજ એકત્ર કરવામાં આવ્યું.

વડોદરા : વડોદરા-આણંદનું સંયુકત વાર્ષિક સ્નેહ મિલન પંચાલ વાડી, વડોદરા ખાતે તા. ૨/૧/૨૦૨૨ ના રોજ રાખવામાં આવ્યું. જેમાં ખરક સમાજના ૩૪૦ જેટલા સભ્યોએ હાજરી આપી. દર વરસની માફક સમૂહ ભોજન તથા બાળકોને ઇનામ વિતરણ કરવામાં આવ્યું. યુવા ટીમે કાર્યક્રમને સફળ બનાવેલ.

મહુવા : મહુવા ખરક જ્ઞાતિ દ્વારા આયોજીત સમૂહ લગ્ન આગામી ૧૭/૨/૨૨ ના રોજ યોજાવાના હતાં પરંતુ કોરોનાની મહામારી માટેની સરકારશ્રીની ગાઇડલાઇન અનુસંધાને ૨૬ મો સમૂહ લગ્ન સમારોહ બંધ રાખવાનું સમૂહ લગ્ન સમિતિ મહુવાએ નક્કી કરેલ છે. જે લોકોએ સમૂહ લગ્નમાં જોડાવા ડોકયુમેન્ટ તથા ડિપોઝીટ આપી હોય તે પરત મેળવી લેવી.

## સમાચાર દર્પણ

ખરક સમાજ દર્પણ દ્વારા નીચેના વિદ્યાર્થીઓને Paytm દ્વારા રોકડ પુરસ્કાર મોકલાયા

(૧) વાળાકી મીતુલ - સુરત ગુજકેટ રૂા. ૫૦૦/-
(૨) કુચા કિશન - ત્રાપજ ગુજકેટ રૂા. ૫૦૦/-
(૩) ખીમાણી અજય - ભુંભલી ગુજકેટ રૂા. ૫૦૦/-
(૪) કુચા કિશન - ત્રાપજ નીટ રૂા. ૫૦૦/-
(૫) ખોડીફાડ કાર્તિક - ભાવનગર નીટ રૂા. ૫૦૦/-
(૬) સેંતા સંદિપ - ભાવનગર નીટ રૂા. ૫૦૦/-
(૭) વળિયા કેવલ - દિહોર નીટ રૂા. ૫૦૦/-
(૮) ચૌહાણ રાજુ - ભદ્રાવળ-૨ નીટ રૂા. ૫૦૦/-

### ખરક સમાજ દર્પણ

હવે આપ ખરક સમાજ દર્પણ બ્લોગ (વેબ) પર પણ જોઇ શકો છો. નીચેની લીંક પર કલીક કરો.

https://kharaksamajdarpan.in/

## મૃત્યુ નોંધ

ગુંદરણા : કોરડિયા જેકીબેન નારણભાઇ (૬૫) ૧/૧૨/૨૧
ઠળિયા : ટાઢા વાલજીભાઇ ગફૂલભાઇ (૫૭) ૨/૧૨/૨૧
ત્રાપજ : કુચા લાભુબેન ભુપતભાઇ (૪૫) ૩/૧૨/૨૧
કળસાર : વાળાકી દામજીભાઇ લાલાભાઇ (૭૮) ૬/૧૨/૨૧
ભુંભલી : સેંતા નાનીબેન ભાયાભાઇ (૯૦) ૬/૧૨/૨૧
લીલીવાવ : ભુત ધોળીબેન ઓધવભાઇ (૧૦૬) ૮/૧૨/૨૧
મહુવા : ભોજાણી મનસુખભાઇ ઘુસાભાઇ (૫૯) ૧૨/૧૨/૨૧
સાંખડાસર-૨ : નવેળિયા ડાયબેન વાઘાભાઇ (૯૦) ૧૧/૧૨/૨૧
વાળુકડ : ઠંઠ લાડુબેન વેલાભાઇ ૧૨/૧૨/૨૧
પીથલપુર : ખોડીફાડ કમુબેન ખાટાભાઇ (૭૮) ૧૨/૧૨/૨૧
થોરડી : સુરાણી મોહનભાઇ જેરામભાઇ (૭૨) ૧૩/૧૨/૨૧
ભુંભલી : સોલંકી અંજુબેન લાધાભાઇ (૬૮) ૧૪/૧૨/૨૧
ભાવનગર : ઢેઢી પાંચાભાઇ કાનાભાઇ (૭૩) ૧૫/૧૨/૨૧
થોરાળી : ખીમાણી રંભાબેન બોઘાભાઇ (૭૦) ૧૬/૧૨/૨૧
પીથલપુર : વળિયા ગોમતીબેન ભાયાભાઇ (૧૧૧) ૧૮/૧૨/૨૧
મોરંગી : સેંતા સોનાબેન બાબુભાઇ (૮૫) ૧૯/૧૨/૨૧
રોયલ : સાંગાણી ખોડાભાઇ કરશનભાઇ (૭૭) ૧૯/૧૨/૨૧
લીલીવાવ : દેસાઇ માધાભાઇ ચોથાભાઇ (૭૦) ૧૯/૧૨/૨૧
સખવદર : કામળિયા કમુબેન વેલજીભાઇ (૬૮) ૨૦/૧૨/૨૧
સાણોદર : કોરડિયા ગોવિંદભાઇ કલ્યાણભાઇ (૮૫) ૨૦/૧૨/૨૧
કળસાર : કાપડિયા શાંતુબેન હરિભાઇ (૯૫) ૨૨/૧૨/૨૧
ભીકડા : કંસારા જીવીબેન ભીખાભાઇ (૩૫) ૨૩/૧૨/૨૧
તરેડ : વળિયા દવલબેન ઠાકરશીભાઇ (૯૦) ૨૫/૧૨/૨૧
ત્રાપજ : સેંતા વખતુબેન બોઘાભાઇ (૯૮) ૨૬/૧૨/૨૧
સાંખડાસર-૨ : ઠંઠ રાઘવભાઇ હરજીભાઇ (૭૨) ૨૭/૧૨/૨૧
મહુવા : વળિયા હિંમતભાઇ નાથાભાઇ (૪૫) ૨૭/૧૨/૨૧
કુંઢડા : ખોડિફાડ છગનભાઇ રવજીભાઇ (૭૨) ૨૭/૧૨/૨૧
કુંભણ : સેંતા ધોળીબેન દેવજીભાઇ (૮૫) ૩૦/૧૨/૨૧

Your Trust In Us Keeps Us Going

# BHOJANI GITABEN NARSHIBHAI



શેરબઝાર,કોમોડિટી,
મ્યુચલફંડ,પાનકાર્ડ
અને પાસપોર્ટ સર્વિસ

નરશી ભોજાણી: 8/9 ફર્સ્ટ ફ્લોર
બજરંગદાસબાપા કોમ્પ્લેક્સ વસીતળાવ
મહુવા 364290

નિલેશ ભોજાણી : સંઘવી પાર્ક,જોગરપાર્ક ની
સામે આતાભાઈ રોડ ગધેડીયા ફિલ્ડ સામે
ભાવનગર 364001

RELIGARE | BROKING
Values that bind

## સાહિત્ય દર્પણ

### જીવી : (વાર્તા)



'ઠક ઠક ઠક' વશરામે પોતાની ખખડધજ ડેલીએ સાંકળ ખખડાવી. અંદરથી જીવીનો અવાજ આવ્યો. 'મંજુ ઓ મંજુ! જા તો તારા બાપા વાડીએથી આવ્યા લાગે સે બારણું ઉઘાડય' મંજુ ફળિયામાં કચરો વાળતી હતી તેણે ડેલીની સાંકળ ઉઘાડી. વશરામ પોતે ઓઢેલા ધાબળાનું ઓઢોડિયું સરખું કરતો ઘરમાં આવ્યો.

મંજુએ સાંકળ પાછી વાસી દીધી. 'આણીપા વયા આવો આણીપા, લો સા ઠારું' કહી જીવીએ રકાબી વશરામની બાજુમાં મુકીને ચા તેમા નાખી. 'આજ તો ભારી ટાઢ સે હો' કહી વશરામ ચા પીવા લાગ્યો. 'તે ટાઢ તો પડે જ ને, માગસર પુરો થાવા આવ્યો ને શ્યાળું મોલ પણ અડધે પુગી ગ્યો, લ્યો વધારે રેડુ?' કહી જીવીએ વધુ ચા વશરામની રકાબીમાં ઠાલવી.

'બસ બસ રેવા દે, એક અડાળી તો બસ થઇ જાય' કહી વશરામ તેને રોકવા મથ્યો. 'અતારમાં ટાઢની સા હારી, હજી તો પેલી જ સા સે.' કહી જીવીએ વાતને વાળી લીધી. ચા પીને વશરામે કેડિયાના ખિસ્સા ફંફોળી હોકલી કાઢી ને સળગાવી અને લાંબી ફુંક લઇ ખેંચવા માંડયો.

'ઓણ આ મંજુને ને રમલાને પરણાવી દઇએ એટલે ગંગા નાયા' કહી જીવીએ હૈયાની વાત કરી. 'હું પણ એમ જ વસારું સું. પણ રમો હજી ભણે સે ને? એનું ભણતર પુરું નથ થવા દેવુ?' કહી વશરામે હાંકલી ખેંચી. 'હવે ભણતર તો પુરું થાહે. આ મંજુને કેટલો વખત ટીંગાડી રાખવી ને વેવાઇને વારે વારે સું જવાબ દેવો' કહી જીવીએ ચુલામાં ના દેવતામાં ફૂંક મારીને તાપ કર્યો ને થોડી સાંઠિયું તેમા નાખી.

'વાત તો તારી હાસી સે, વરહ પણ ઓણ હારુ સે, તો આ વીવો પતી જાય તો માથેથી ભાર જાય' કહી વશરામે હોકલી પડથારની કોરે ઠલવી. 'તો એક બે દિ' માં વેવાઇને બોલાવી નકી કરી લ્યો, આ પોહ તો હમણા હાલ્યો જાહે માહ મહિનાની સું વાર રહે હે.' કહી જીવીએ થોડી ચિંતા રજુ કરી.

'હા તો હું ને અરજણ બેય વેવાઇને ન્યાં જ જાશુ ને વાર ચોઘડિયા નકી કરી આવસું' કહી વશરામે રમેશને હાંક મારીને જગાડયો. થોડી વારમાં રમેશ, વશરામ અને મંજુએ શિરામણ કર્યું ને વશરામ વાડીએ ગયો.

---

'અલી મંજુડી આજ તારા બાપા કેમ હજી આવ્યા નથ હોય? રોજ તો હું પેલી વારની સા મુકું ન્યા લગીમાં તો આવી જતા આજ કેમ થયું?' કહી જીવીએ ડેલી તરફ નજર કરી. 'હમણા આવસે કારેક મોડુંય થાય' કહી મંજુ પોતાના કામે વળગી.

ત્યાં જ ડેલી ઉઘડવાનો અવાજ આવ્યો ને વશરામ અંદર દાખલ થયો ને કહેવા લાગ્યો 'આ ઢોરાએ તો ભાર કરી મારું બેટું આખું ટોળું આપડી વાડી વગું જ આવ્યુ, ઓલા વહતા ભાભાની વાડીમાંથી આવ્યુ આણીપા. મે ને અરજણ માંડ-માંડ બારું કાઢયુ એમા મોડું થઇ ગ્યું, હવે તો અરજણને કહીને તાર બાંધી જ દેવા સે.' 'એ પેલા આ સા પી લ્યો, મે તો એક વારની પી લીધી' કહી જીવીએ ચા ની ભરેલી રકાબી અરજણની બાજુમાં મુકી. વશરામ ચા પીવા લાગ્યો.

'તે આજને આજ તમે ને અરજણ બેય નકી કરીને તલાટીને, સરપસને મળીને કાગળિયાં કરી લ્યોને, આપડી બેયની વાડી ફરતે તાર બાંધવાનું કરો નહિતર તમે રોજ આ ધોડા કરીને અડધા થઇ જાહો' કહી જીવી ચિંતાતુર બની ગઇ.

'વાત તો તારી હાચી પણ આ લગનનું તારનું ને રમાના ભણતરનું બધુ કેમ કરીને થાહે? તારમાં તો સરકાર કાં'ક રાહત આપેસે એમ અરજણ કે'તો તો.' વશરામે કહ્યું. 'પણ તમે ને અરજણ સરપસ પાહે જાવ તો ખરા, ખરસનું કાં'ક થઇ રેહે, પણ રોઝડાનુંને ગાવડાનું કેમ પોહાય?' જીવીએ વાત રજુ કરી.

'હું રમાને જગાડીને અરજણના ઘેર એને બોલાવવા મોકલું સુ ને તમે કાકો-ભતરીજો આજ તારનું નકી કરી જ નાખો.' કહી જીવીએ રમેશને ઢંઢોળીને જગાડયો. રમેશ દાંતણ કરીને અરજણને ઘરે ગયોને થોડી વારમાં તેને બોલાવી લાવ્યો. 'લે સા મુકય આ જો અરજણ આવ્યો' કહીને વશરામે માટલામાંથી પાણી ભરીને જીવીને ચા મુકવા આપ્યું.

જીવીએ અરજણને બેસવા સાંઠિયું આઘી-પાછી કરીને ચુલા પાસે જગ્યા કરી નાખીને ચા ના પાણીમાં ખાંડ-ચા નાખીને કહ્યું 'તે અરજણ તું ને તારા કાકા આજ તલાટી કે સરપસ પાહે જઇને આ તારનું કાં'ક નકી કરોને! રોજે રોજ આ ધોડા કેમ કરવા? આ ઢોરાનું કાંક કરો!' 'હું પણ એમ જ કે'વા માંગુ સું, કાકી આજ મારા કાકાને હું બેય થ્યાં તારે માંડ-માંડ ગાવડાનું ટોળું વાડી બારું નિકળ્યું! ભારે કરી!' અરજણે પણ પોતાની ચિંતા રજુ કરી.

'તો આજ હોફીસ ઉઘાડી જ હસેને? અતારે તો પાવર પણ નથ અટલે પાણી વાળવાનું પણ નથ તો શિરાવીને પસી બેય જાવ હોફીસે ને કાગળિયાં દઇ આવો. ને સય-સિકા કરતા આવો.' કહી જીવીએ ચા ની તપેલીમાં દૂધ રેડયું ને ગળણીથી હલાવવા લાગી.

'તો કાકા તમી તમારા કાગળિયા-સોપડિયું લેતા આવો મારે ઘેર હું સિરાવીને ત્યાર જ સું' કહી અરજણે જીવીને કહ્યું 'લાવો, કાકી સા, હવે ઉકળી ગઇ, ઠારો આ આ અડાળીમાં' કહી અરજણે જીવીની બાજુમાં રકાબી લંબાવી. સૌ ચા પીને છુટા પડયા.

---

'મારા વાલાજીને ઘેર આણંદ રે... આણંદ સેનો સે...' ગીત ગણગણતી જીવી વારે ઘડીએ ડેલીએ નજર નાખતી'તી ને રમેશને કહ્યુ 'રમલા આજ તો તારા બાપા હારા ઘોરી ગ્યા, હવે આ તાર નંખાઇ ગયો તે'દુ ના નિરાતે આવે સે હો... બીજી વારની સા મા તો માંડ-માંડ ભળે સે.

રમેશ કોલેજના લીથા વાંચતો હતો તેણે માથું હલાવી હા પાડી. થોડીવારમાં વશરામ લાકડી ઠપકારતો આનંદમાં ખડકીમાં દાખલ થયો. 'હવે તો મજો-મજો હો ભાઇ, હવે તો તારની હારે સોટ પણ મુકી દીધો તે મારા હાળા ઢોરા તાર હુંધીને જ વાડીના શેઢેથી આઘા રે સે' તે હવે નિરાંતે ઊંઘ આવે સે એમાં મોડું થઇ જાય સે. 'પણ મે તમને સોટ મુકવાની સોખી ના પાડીસે, મુંગા જનાવર મરી જાય, આ તો ખેતરમાં ઢોરા ઘુસે નહી તે હાટું તાર બંધાવ્યા, ઢોરાને મારવા નહી. કાલથી સોટ કાઢી નાખજો' કહી જીવીએ રકાબીમાં ચા રેડતી વખતે પોતાનો આક્રોશ પણ ઠાલવ્યો. 'હા ભાઇ હા બે-તણ દિ માં સોટ કાઢી નાખસું, બસ' કહી વશરામે ચા પીને હોકલી સળગાવી.

---

'એ જીવીમાં... એ જીવીમાં ખડકી ઉઘાડો, ઝટ ખડકી' એવો એક દિ જીવીની ડેલીએ વહેલી સવારે કોઇકનો ઉતાવળો અવાજ આવ્યો. મંજુએ સાંકળ ઉઘાડીને ખડકી ખોલી તો વાડીની બાજુના ખેતરવાળો મનજી ઉતાવળે-ઉતાવળે બોલવા લાગ્યો. 'જીવીમાં, જીવીમાં નથ? એ મરી! સુ સે મના, અતારમાં સું થ્યું?' કહી જીવી, ચુલા પાસેથી ફળીમાં આવી. 'જીવીમાં! જીવીમાં! ગજબ થ્યો! ગજબ થ્યો!' કહી મનજી હકલાવા લાગ્યો. 'પણ સું થ્યુ? ઇ તો કે...' કહી જીવી ચિંતાતુર બની. 'મારા દાદા, મારા વશરામ દાદાને સોટ લાગી ગ્યો. મારી હગી આંખે જોઇને આવ્યો. તારની હારે ટીંગાઇ ગ્યા.' કહી મનજી હાંફવા લાગ્યો. સાંભળીને જીવી બેભાન જેવી થવા લાગી.

રમેશે તેને માંડ-માંડ સંભાળીને ફળીના ખાટલામાં સુવડાવી. મંજુ મોટે મોટેથી રડવા લાગીને આજુ-બાજુના પાડોશી અચાનક દેકારો સાંભળી જીવીના ઘરે દોડી આવ્યા. વશરામની વાડીએ મોટા ભાગનું ગામ ભેગું થયું. પોલીસ આવી. પંચનામુ થયુ. સરપંચને ગામ આગેવાનોએ સહીઓ કરી. વશરામનો દેહ પોસ્ટમોર્ટમ માટે નજીકના શહેરના દવાખાને રવાના કરવામાં આવ્યો. ગામમાં નિરવ શાંતી ફેલાઇ ગઇ.

છેક સાંજે વશરામના મૃતદેહને પાછો લાવવામાં આવ્યો. ગામ લોકોએ અગ્નિદાહની બધી તૈયારી કરી જ નાખી હતી. ઉતાવળે-ઉતાવળે વશરામની સ્મશાનયાત્રા કાઢવામાં આવી. જીવીએ તરત જ પોતાની ચુડલીઓ ભાંગીને મરણપોક મુકી. 'એ... ય... વાલા... અડધે મારગે મુકીને કયાં હાલ્યા... મને રઝળાવીને કયાં ગ્યા...' અને સાથે જીવીના સપના પણ ચકનાચુર થઇ ગયા.

- સેંતા અરવિંદભાઇ રાણાભાઇ (ભુંભલી)

## સંદેશ



સુજ્ઞ જ્ઞાતિજનો
નમસ્કાર
કોરોના ફરી માથુ ઉંચકી રહ્યો છે. બીજી લહેરમાં આપણે ઘણાં સ્વજન ગુમાવ્યા તેની કળ હજુ વળી નથી તો તેમાંથી બોધપાઠ લઈ આપણે સરકાર ગાઈડલાઈનનું પાલન કરી ખૂબ ખૂબ કાળજી લઈએ. લગ્ન, વેવિશાળ, કારજ કે અન્ય ફંકશનોમાં વહેવાર સાચવવા પૂરતાં જ જઈએ. આપણે સૌએ જીવવું છે. કોરોના સામે જીતવું છે. બુસ્ટર ડોઝ લેવાનું પણ રાખીએ. જેથી બાળકો અને વડિલોથી વિખુટા પડવાનું ન બને. ઊંચડિયા દાદા સૌનું ધ્યાન રાખશે. જય હનુમાન. બીજું આપણી જ્ઞાતિ બીજી જ્ઞાતિઓની સરખામણીએ બહુ ટૂંકી છે છતાં આખી જ્ઞાતિની કોઈ ડીરેકટરી નથી બની. સુરત, મુંબઈ, મહુવા, ભાવનગર જેવા શહેરોની વસ્તી ગણતરી, ફોન ડીરેકટરી વરસો પહેલા બની હતી. તે પણ હવે અપ-ડેટ કરવાની જરૂર છે. 'ખરક સમાજ દર્પણ' દ્વારા ૨૦૨૨ માં સમગ્ર જ્ઞાતિની વસ્તી ગણતરી કરવાનું અને તેની પુસ્તિકા તૈયાર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું તે ખૂબ વખાણવા લાયક અને ઉપયોગી કામ છે. આ વસ્તી ગણતરીમાં સૌ સહકાર આપશે તેવી પ્રમુખ તરીકે મારી નમ્ર વિનંતી છે. બીજુ આ વસ્તી ગણતરી કેન્દ્ર સરકારમાં બક્ષીપંચની દરખાસ્ત માટે પણ ખૂબ ઉપયોગી છે. તેથી સૌ પોતાની માહિતી સમયસર આપે. જ્ઞાતિના ડેટા જ્ઞાતિના જ કામમાં ઉપયોગી થાય તેની કાળજી રાખવામાં આવશે તેની ખાત્રી આપીએ છીએ. આશા છે કે આ અભિયાન દ્વારા આપણે સૌ એક બનીએ, સંગઠીત બનીએ અને પારિવારીક પ્રેમ નિર્માણ કરીએ.
અસ્તુ.

ભરતભાઈ ઠંઠ
પ્રમુખ - સમગ્ર ખરક જ્ઞાતિ

## પ્રતિનિધિ ગામે ગામ



સેંતા દિપકભાઈ કાળુભાઈ
(મ. ઈજનેર, ક્ષાર અંકુશ વિભાગ મહુવા)
કુંભણ
મો. ૬૩૫૩૯ ૯૧૩૧૬



પટેલિયા ભરતભાઈ મોહનભાઈ
(હેલિકસ ઈન્ક - ભાવનગર)
વાળુકડ
મો. ૯૩૭૭૭ ૭૫૯૬૦



ઠંઠ વળિયા વિજયભાઈ વાલજીભાઈ
રાજપરા - ૨
મો. ૮૧૫૪૦ ૮૫૬૦૩



સેંતા મુકેશભાઈ વિઠ્ઠલભાઈ
(youtuber : mukesh vlog)
મણાર
મો. ૯૯૨૪૦ ૧૭૪૫૯



કાપડિયા માધાભાઈ ગફૂલભાઈ
ઝાંઝમેર
મો. ૯૮૨૪૯ ૦૮૦૩૦



દિનેશભાઈ શામજીભાઈ ઠંઠ
(ભવાની સેલ્સ એજન્સી)
વાલાવાવ
મો. ૯૯૧૩૧ ૫૧૩૯૩

## વસ્તી ગણતરી પત્ર : સૂચનો

**સમગ્ર ખરક સમાજ વસ્તી ગણતરી - ૨૦૨૨**

*જ્ઞાતિની માટે કુલ વસ્તી ગણતરી માટે આપણે સૌએ નીચેની લીંકમાં આપેલ ફોર્મ ભરવાનું છે. ફોર્મ ભરતાં માત્ર ૧૦ મીનીટ થશે. માટે આળસ ન કરશો.

*જે પરિવાર જયાં રહેતો હોય તે ગામમાં જ ચૂલાદીઠ દરેકે ફોર્મ ભરવું. સંયુકત પરિવાર હોય તો પણ ગામવાર, ચૂલાવાર અલગ-અલગ ફોર્મ ભરવા.

*કોઈ રૂમ રાખી એકલો/સીંગલ રહેતો હોય તો તેમણે તે રહેઠાણના ગામમાં પોતાનું એકલાનું ફોર્મ ભરવું. જયારે પોતાના પરિવારનું ફોર્મ પોતા સિવાય જે તે ગામના નામે અલગ ભરવું.

*વિદેશ રહેનારે પણ ફોર્મ ભરવું.

*ફોર્મ ગુજરાતીમાં ભરવું પણ ફોન નંબર/સંખ્યા/ઉંમર અંગ્રેજીમાં ભરવું. અટક પહેલા લખવી અને પૂરું નામ લખવું. સંખ્યા શબ્દમાં નહી અંકમાં લખવી.

*ભૂલ થાય તો તમે બીજું ફોર્મ ભરી શકશો. આગળનું ફોર્મ રદ કરાશે.

*આ માહિતી જે તે ઘરના સભ્યે, શિક્ષકે કે ગામના પ્રતિનિધિ કે આગેવાને ભરવાની છે. દરેક લોકો રોજ ૫ ફોર્મ ભરે તો થોડા સમયમાં આપણે કુલ ૬૦૦૦ ઘરની વિગત મેળવી શકીએ.

*ફોર્મ બાબતે પૂછપરછ માટે આનંદ સેતા તંત્રી, ખરક સમાજ દર્પણ - મહુવા. મો. ૯૯૨૫૪ ૮૭૯૫૬ માં વોટસઅપ કરવો અથવા ફોન કરવો.

સમગ્ર ખરક સમાજ વસ્તી ગણતરી લીંક

https://docs.google.com/forms/d/e/1FAIpQLSeRH3zU2g5lQWk8HIbQ_4XxkVPTlRe-F66uVOaYEWXEKOys2w/viewform

